

સેક્ટર-૧૨ રંગમંચ ખાતે શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. પર્યાવરણ અને સેવ વૉટરની થીમ આધારીત ગરબામાં ક્યાંય પ્લાસ્ટીકના ગ્લાસ કે બોટલોનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

# મુકિતધામ પાછળ કોતરોમાં જુગાર રમતા ૩ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ મુકિતધામ પાછળ આવેલી સાબરમતિ નદીના કોતરોમાં જુગાર રમી રહેલા ત્રણ ઈસમોને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. એલસીબી પોલીસે અંગઝડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૪૪૦૩ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

મળતી માહિતી મુજબ સેકટર-૩૦ મુકિતધામ પાછળ આવેલ સાબરમતિ નદીના કોતરમાં એલસીબી પોલીસે બાતમીને પગલે જુગાર રમી રહેલા પેથાપુર કસ્બામાં રહેતા મુસ્તુફાખાન બાબુખાન પઠાણ (૫૩ વર્ષ) અને બસીરમિયા યુસુફમીયા રાઠોડ (૫૨ વર્ષ) તેમજ સે-૨૮ ચરેડી છાપરામાં રહેતો ઈદરીશ ઈમામશા ફકીર (૩૩ વર્ષ)ને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા છે. જુગારીઓની અંગઝડતી દરમિયાન અને દાવ પરથી મળીને કુલ૪૪૦૩ રોકડા રૂપીયા જપ્ત કરીને એલસીબીએ ત્રણેય ઈશમો સામે સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

# “શસ્ત્રપૂજન” સાથે રાજપૂત સમાજે “કલમ પૂજન” કરી ત્રિવિધ ઉત્સવ મનાવ્યો

ગાંધીનગર, તા. ૮ કાઠિયાવાડ રાજપૂત સમાજ દ્વારા પ્રતિકસમા શસ્ત્રોનું પૂજન



ગાંધીનગરના સેક્ટર-૧૭ ખાતે શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ દ્વારા સાહસ અને શૌર્યને પ્રતિક સમા ‘વિજયા દશમી’ના પર્વે પરંપરાગત રીતે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ ત્રિવિધ કાર્યક્રમમં શસ્ત્રપૂજન, તલવારબાજી અને કલમ પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભગવાન શ્રી રામે લંકાપતિ અસુર રાવણનો દશેરાના દિવસે વધ કરી અસત્ય પર સત્યનો અને દુરાચાર પર સદાચારના વિજયનું સાહસ-સામર્થ્ય પ્રદર્શિત કર્યુ હતુ. આ દિવસે શાહસ-શૌર્યથી ભરપૂર રાજપૂતો શસ્ત્રપૂજન કરીને વિજયોત્સવ મનાવે છે. શહેરના શ્રી કચ્છ દર વર્ષે દશેરાના દિવસે શૌર્યના પરંપરાગત રીતે કરવામાં આવે છે તેમજ આ દિવસે તલવારબાજીના કરતબ સાથે સાહસને પ્રોત્સાહન આપવામાં આવે છે.

હવે રાજપૂત સમાજ આધુનિક યુગમાં નવા વિચારો સાથે પ્રવેશી ચુક્યો છે અને શસ્ત્ર સાથે ‘કલમ’ એટલે કે વિદ્યાનું મહત્વ પણ સુપેરે જાણી ચુક્યો છે. આજ કારણથી વિજયાદશમીના પવિત્ર પર્વે શસ્ત્રપૂજન સાથે ‘કલમ પૂજન’ કરીને નવતર ચીલો ચાતરી રહ્યો છે અને સમાજના યુવાઓને વિદ્યાનુ મહત્વ સમજાવી રહ્યાં છે. આ ત્રિવિધ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ સહિત સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## લેકાવાડા આઈએએસ ટ્રેનિંગ એકેડેમી ખાતે પણ કલમ પૂજન કરાયુ

રાજપૂત સમાજ દ્વારા લેકાવાડા ખાતે સમાજના યુવાનો માટે આઈએએસ ટ્રેનિંગ એકેડેમી ચલાવવામાં આવે છે જ્યાં યુવાનોને સનદી અધિકારી બનવા માટેની પદ્ધતિસરની તાલીમ અપાઈ છે. લેકાવાડાની આઈએએસ એકેડેમી ખાતે પણ આજે ‘વિજયા દશમી’ના પર્વે સરસ્વતીપૂજન એટલે ‘કલમ પૂજન’ કરવામાં આવ્યું હતું.

# ગેહલોતમાં હિંમત હોય તો રાજસ્થાનમાં દારૂબંધી કરે : રૂપાણી

રાજકોટ,તા.૮

રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગેહલોતે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું કે, ગુજરાતમાં ઘરે ઘરે દારૂ પીવાય છે. જે બાદ ભાજપ કોંગ્રેસ એકબીજા પર શાબ્દિક પ્રહારો કર્યા હતાં. જેના પર સોમવારે મુખ્યપ્રધાન વિજય રૂપાણી પ્રહાર કરતા કહ્યું હતું કે, અશોક ગેહલોતે સાડા છ કરોડ ગુજરાતીઓનું અપમાન કર્યું છે. ગુજરાત કોંગ્રેસને ક્યારે માફ નહી કરે. મુખ્યપ્રધાન વિજય રૂપાણી રાજકોટની મુલાકાત લીધી હતી. સીએમએ પોતાના સ્વ. પુત્ર પુજીતના જન્મદિવસની ઝૂંપડપટ્ટીના બાળકો સાથે ઉજવણી કરી હતી.



**ચિલોડા હાઈસ્કૂલ અને સ્વામીનારાયણ પ્રાથમિક શાળામાં નવરાત્રી મહોત્સવ રંગેચંગે ઉજવણી કરાઈ**

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા શિહોલી ગ્રુપ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળા અને શ્રી સ્વામીનારાયણ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે શાળાના પટાંગણમાં નવરાત્રી મહોત્સવ યોજાયો હતો. જેમાં દરેક વિદ્યાર્થીઓએ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને રાસ-ગરબાની રમઝટ જમાવી હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ગામના અગ્રણી નટુભાઈ પટેલ, મંડળના સભ્યો, શાળાના શિક્ષકો, શાળાના આચાર્ય રમેશભાઈ માકાણી, આચાર્ય માનસિંહભાઈ ચૌધરી દ્વારા ભવ્ય ગરબા મહોત્સવની શરૂઆત આદ્યશક્તિ સરસ્વતી માતાજીની આરતી ઉતારી સંગીતના તાલે વિદ્યાર્થીઓ અને શિક્ષકો ખૂબ જ ઉત્સાહપૂર્વક ગરબા ગાઈ રંગેચંગે ઉજવણી કરી હતી.





ગાંધીનગર નજીકના શ્રી ગીરનારી આશ્રમ ખાતે ૩૫ અનાથ બાળાઓનો દુર્ગાષ્ટમીના દિને ‘દાનઉત્સવ’ અંતર્ગત દૈનિક દિનચર્યા માટેની જરૂરી ચીજવસ્તુઓ જેવી કે ટુથબ્રસ, સાબુ, તેલ, શેમ્પુ, મિલ્કફુડ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સદ્કાર્ય નિતેશ ફૂલતરીયા તથા નયના ધીંગાણી દ્વારા હાથ ધરાયું હતું.

# શેરથા ગામે ગરબામાં સામાન્ય બાબતે મારામારીના દ્રશ્યો

ગાંધીનગર, તા.૮

અડાલજ-કલોલ માર્ગ પર આવેલા શેરથા ગામે ગતરોજ મોડી સાંજના સુમારે ગરબાની રમઝટ ચાલી રહી હતી તે દરમિયાન અચાનક સામાન્ય તકરારે ઉગ્ર સ્વરુપ ધારણ કરતા મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. ગામમાં ગરબા ચાલી રહ્યા હતા તે દરમિયાન વિડીયો ઉતારવાની સામાન્ય બાબતે ઠાકોર સમાજના બે જુથ સામસામે આવી ગયા હતા. જેમાં બંન્ને જુથના નાગરીકો સામસામે ધોકા-પાઈપો વચ્ચે છુટા હાથની મારામારી થતા ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ અડાલજ પોલીસને થતા પોલીસનો કાફલો મોટીસંખ્યામાં ગામમાં ઉતારી દેવામાં આવ્યો હતો. ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું. પોલીસે ગામમાં તાત્કાલીક પહોંચીને પરિસ્થિતિને કાબુમાં કરી હતી. શેરથામાં મારામારીના બનાવમાં ચાર નાગરીકોને ઈજા પહોંચતા તેમને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.જેમાં એક વ્યકિતને વધુ ઈજા હોવાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે રીફર કરવામાં આવ્યો હતો. આ બનાવને લઈને પોલીસની તપાસ શરુ છે. ગામના આગેવાનો અને વડીલો દ્વારા બંન્ને જુથના નાગરીકોને સમજાવી સમાધાનની પ્રક્રિયા ચાલી રહી છે. તેમ છતા આ બનાવમાં મોડા સુધી પોલીસ ફરીયાદ નોંધાશે તેમ લાગી રહ્યું છે.



**દશેરા નિમિતે જિલ્લા પોલીસ વડા દ્વારા શસ્ત્ર પૂજન**

સમગ્ર દેશમાં દશેરાના દિવસે અસ્ત્ર અને શસ્ત્રની શાસ્ત્રોક્તવિધી પૂજા કરવામાં આવે છે. ત્યારે આજે દશેરાના દિવસે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા શસ્ત્રોનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પોલીસ અધિકારી-કર્મચારીઓએ વિવિધ આધુનિક હથિયારોનું પૂજન કર્યું હતું.



**વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા શસ્ત્ર પુજન**

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ગાંધીનગર જિલ્લા દ્વારા શહેરના સેકટર-૭ ભારત માતા મંદિર ખાતે મંગળવારને દશેરાના પવિત્ર દિવસે શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે મોટીસંખ્યામાં હોદેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

# સ્વચ્છ ભારત માટે સુરક્ષાકર્મીઓની સામાજિક સેવાને બિરદાવતા મુખ્યમંત્રી

## દશેરાના પાવન પર્વે મુખ્યમંત્રી નિવાસસ્થાને શસ્ત્ર પૂજન પરંપરા મુખ્યમંત્રીશ્રીએ શસ્ત્ર-પૂજન કર્યું

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વિજયા દશમીના પર્વે મુખ્યમંત્રી નિવાસ સ્થાને પરંપરાગત પ્રણાલી મુજબ શસ્ત્ર પૂજન મુખ્યમંત્રી સુરક્ષા વ્યવસ્થામાં સંકળાયેલા ૨૫૦ ઉપરાંત અધિકારીઓ જવાનોની ઉપસ્થિતિમાં કર્યું હતું. શાસ્ત્રોક્ત વિધિ મુજબ વિજયભાઈ રૂપાણી અને શ્રીમતી અંજલિબહેન રૂપાણી એ શસ્ત્ર પૂજન વિધિ કરી હતી

મુખ્યમંત્રી સુરક્ષા વ્યવસ્થામાં ફરજ બજાવતા રાજ્ય અનામત પોલીસ દળના આ કર્મીઓ એ પ્રધાનમંત્રીશ્રી ના સ્વચ્છ ભારત અભિયાનમાં પોતાના યોગદાન રૂપે સ્વૈચ્છિક ફાળા પેટે એકત્ર કરેલા ૫૧ હજાર રૂપિયા નો ચેક મુખ્યમંત્રી સ્વચ્છતા નિધિ માટે મુખ્ય મંત્રીશ્રીને અર્પણ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ સુરક્ષાકર્મીઓ ના આ સામાજિક ઉત્તરદાયિત્વ ને બિરદાવ્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ સુરક્ષા જવાનોને આ વેળાએ પ્રેરણા આપતા કહ્યું કે આસુરી શકિત પર દૈવી શકિતના અસત્ય પર સત્ય ના વિજયનું આ પર્વ છે

આજે રાવણ દહન કરીને સમાજમાં પ્રવર્તતા અનિષ્ટોનું સમયકાળ અનુસાર દહન કરવાની પરંપરા પણ સદીઓ થી ચાલતી આવી છે

પાંડવોએ અજ્ઞાતવાસ દરમ્યાન સમી ના વૃક્ષમાં છુપાવેલા શસ્ત્રો નું પૂજન કરી તેને પાછા મેળવેલા હતા તે પ્રસંગ પણ મુખ્યમંત્રીએ યાદ કર્યો હતો

વિજયભાઈ રૂપાણી એ આજે રક્ષા મંત્રી રાજનાથ સિંહે ફ્રાંસ માં રાફેલ નું પૂજન કરી ને ભારત ને વિશ્વમાં મહાસત્તાઓ માં સ્થાન અપાવવા અને સુરક્ષા ના મામલામાં ભારત વિશ્વ ની સરખામણી એ અતિ સજજ છે તેવી પ્રતીતિ સૌને કરાવી છે તેનું પણ ગૌરવ સ્મરણ કર્યુ હતું

શસ્ત્ર અને શાસ્ત્રોનું સન્માન પૂજન અને આપણા ઈતિહાસ સાથે સંકળાયેલા છે તેની મહત્તા સમજાવી હતી. વિજયભાઈ રૂપાણી એ કહ્યું કે હવે આધુનિક શસ્ત્રો સુરક્ષા સલામતી માટે ઉપલબ્ધ છે સાથો સાથ શાસ્ત્રો ને પણ વણી લઈને દેશ અને રાજ્ય ની સુરક્ષા સમાજ સલામતી માટે કર્તવ્યરત સૌ સુરક્ષા કર્મીઓ ભાવિ પેઢી ના ઉજ્જવલ ભવિષ્ય અને રાષ્ટ્ર ચેતના માટે સદા સર્વદા નિષ્ઠા પૂર્વક ફરજ રત રહે તે જ આજના દિવસનો સંકલ્પ છે. આ અવસરે મુખ્ય મંત્રી સુરક્ષા વ્યવસ્થાના અધિકારીઓ કર્મીઓ ઉત્સાહભેર જોડાયા હતા.





# રાજ્યમાં ૭૦ ટકા લોકો નોનવેજ-દારૂનો ઉપયોગ કરે છે: શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર,તા.૮

દારૂબંધી પર રાજસ્થાનનાં મુખ્યમંત્રી અશોક ગહલોતે કરેલા નિવેદન બાદ જાણે ગુજરાતની રાજનીતિમાં ભૂકંપ આવી ગયો છે. ગેહલોત સરકારના નિવેદન પર ગુજરાતના સીએમ વિજય રૂપાણીએ મૂંહતોડ જવાબ આપ્યા બાદ આજે શંકરસિંહ વાઘેલાનું દારૂબંધી પર નિવેદન સામે આવી રહ્યું છે. દારૂબંધી અંગે શંકરસિંહ વાઘેલાએ ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

ગુજરાતમાં દારૂબંધીને લઈને ચાલતી ઘમાસાનમાં પૂર્વ સી.એમ શંકરસિંહ વાઘેલાએ ઝંપલાવ્યું. આજે ભાવનગરમાં આવેલા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં મુખ્યમંત્રી અને રાજ્યપાલના બંગલાની પાછળ જ દારૂની ભઠ્ઠીઓ ધમધમે છે, ત્યારે સરકાર ગુજરાતમાં દારૂબંધી છે તેવી વાતો ના કરે તો સારું.. શંકરસિંહે વધુમાં ઉમેર્યુ હતું કે, ગુજરાતમાં ૭૦ ટકા લોકો નોનવેજ અને દારૂનો ઉપયોગ કરે છે. તો ગુજરાતમાં દારૂબંધી શેની?

આજે ભાવનગરમાં આવેલા શંકરસિંહ વાઘેલાએ દશેરા નિમિતે ગુજરાતની જનતાને એક સંદેશો પાઠવ્યો હતો. શંકરસિંહે સંદેશો પાઠવતા જણાવ્યું કે, ગુજરાતમાં અનેક રાવણોનો નાશ કરવાનો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અશોક ગેહલોતે ગુજરાતની દારૂબંધી વિશે જણાવ્યું હતું કે, હું વ્યક્તિગત રીતે દારૂબંધીનું સમર્થન કરું છું. દારૂબંધીનો એકવાર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ તેનો અમલ નિષ્ફળ રહ્યો હતો જેથી પ્રતિબંધને હટાવી દેવામાં આવ્યો હતો. આઝાદી બાદથી ગુજરાત માં દારૂ પર પ્રતિબંધ છે પરંતુ ત્યાં દારૂની ખપત સૌથી વધુ છે, ઘરે-ઘરે દારૂ પીવાય છે.

આ નિવેદન પર પલટવાર કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, રાજસ્થાનનાં સીએમ અશોક ગહલોતમાં હિંમત હોય તો રાજસ્થાનમાં દારૂબંધી કરી બતાવે. ગુજરાત કોંગ્રેસનાં નેતાઓ દારૂબંધીનાં સમર્થનમાં છે કે તેઓ દારૂ પીવાનું સમર્થન કરે છે તે જણાવે.



છેલ્લા નોરતાએ ખેલૈયાઓ ખૂબ ખીલ્યા હતા. ઠેર ઠેર થતાં નવરાત્રીના આયોજનોમાં મહાનુભાવો અને રાજકારણીઓએ આરતીનો લ્હાવો લીધો હતો. સેક્ટર-૩ વગડાવાળી માતાના મંદિરે કોંગ્રેસના અગ્રણીએ આરતીનો લ્હાવો લીધો હતો.

# રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ બે દિવસની ગુજરાત મુલાકાતે આવશે

ગાંધીનગર,તા.૮

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આગામી દિવસોમાં બે દિવસની ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબા સાથે પણ મુલાકાત કરશે.

મળતી માહિતી પ્રમાણે રાષ્ટ્રપતિ ૧૨મી ઓક્ટોબરના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે ગુજરાત આવી પહોંચશે. આગમનના દિવસે રાષ્ટ્રપતિ રાજભવન ખાતે રાત્રી રોકાણ કરશે. ગાંધીનગર ખાતે જ તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબા સાથે પણ મુલાકાત કરશે. આ દરમિયાન તેઓ કોબા ખાતે આવેલા જૈન મંદિરની પણ મુલાકાત લે તેવી શક્યતા છે. રાષ્ટ્રપતિના આગમનના પગલે તેમના સ્વાગત માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# લવારપુર શ્રી સ્વામિનારાયણ દ્વિ શતાબ્દી સ્મારક હાઈસ્કૂલમાં ઓ.ડી.સી. કક્ષાનું સ્વચ્છતા અભિયાન

પૂજ્ય ગાંધીબાપુની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે લવારપુર સ્થિત શ્રી સ્વામીનારાયણ દ્વિશતાબ્દી સ્મારક હાઈસ્કૂલમાં ઓ.ડી.સી. કક્ષાનું સ્વચ્છતા અભિયાન અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું પ્લાસ્ટિક મુક્ત ભારતની કલ્પનાને સાર્થક કરતા કાર્યક્રમમાં શાળાના દરેક વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ પ્લાસ્ટિક મુક્ત ભારત કરવાની સામુહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે વિવા પેકેજીંગના ઓનર ધર્મેન્દ્રભાઈ પંડ્યા ઉપસ્થિત રહી સમગ્ર ઓ.ડી.સી.ની શાળાઓને કોરૂગેટ રીસાયકલીંગ મટિરિયલમાંથી બનાવેલ ડસ્ટબીન શાળાઓને ભેટ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઓ.ડી.સી.ના સમગ્ર આચાર્યો અને ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ, પ્રકાશ કેળવણી મંડળના હોદ્દેદારો, હાજર રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. પ્રાંતિયા વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીજીની સ્વચ્છ ભારત મિશન કલ્પનાને સાર્થક કરતુ સુંદર પ્રેરણાદાયી મજાનુ નાટક રજુ કરી સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.

